શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૨૪૬૨૦૭૭-૭૮
જનરલ સર્જરી – લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા ઓપરેશન) સર્જીકલ ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા) સર્જનની ઓ.પી.ડી. સેવા ઉપલબ્ધ.
ડૉ. સોહીલ સાયકલવાલા : M.S.(Laparoscopy & General Surgeon)
સોમ થી શનિ : સાંજે ૬ થી ૭
મ્હોં – જડબાની સર્જીકલ ઓ.પી.ડી.
* મ્હોં-જડબાને લગતા ઓપરેશન * અકસ્માતથી થતા મ્હોં-જડબાના ફ્રેકચર ઓપરેશન
* જન્મજાત ખોડખાપણની વિકૃતિથી પિડાતા વાંકાચૂકા મ્હોં-જડબા અને ફાટેલા હોઠ
* તાળવા જન્મથી જ મોઢું ન ખુલવું * નાક-કાન વાંકાચૂકા હોવા જેવા ઓપરેશનના
અનુભવી નિષ્ણાંત સર્જનની સેવા ઉપલબ્ધ.
ડૉ. નેહલ એસ. પટેલ : MDS, Oral & Maxillofacial Surgeon & Implantologist
સોમ અને બુધવાર : બપોરે ૧ થી ૩

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ એકમ, રવિવાર ૪ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૨

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી રાષ્ટ્રપ્રમુખને સજોડે પકડી લીધા

» દિવસોની ઘેરાબંધી પછી શનિવારે વહેલી સવારે અચાનક હવાઈ હુમલા સાથે લશ્કરી કાર્યવાહી
» એક કલાકથી પણ ઓછા સમયમાં કાર્યવાહી પુરી, પ્રમુખ અને તેમની પત્નીને પકડી લેવાયા
» વેનેઝુએલાનો વહીવટ અચોક્કસ મુદ્દત સુધી અમેરિકા કરશે તેવું ટ્રમ્પનું નિવેદન

## વેનેઝુએલા પર અમેરિકાનો 'કબજો'



અમેરિકાએ રાત્રે 2 વાગે (ભારતીય સમય મુજબ સવારે 11:30) વેનેઝુએલાના 4 શહેરો પર એક સાથે હુમલો કર્યો
અડધો જ કલાકમાં ખેલ ખતમ, માદુરો સૂતેલા હતા

કારાકાસ (વેનેઝુએલા), તા. ૩: અમેરિકાએ શનિવારે વહેલી સવારે વેનેઝુએલા પર મોટા પાયે હુમલો કર્યો હતો અને જણાવ્યું હતું કે નિકોલસ માદુરોની સરકાર પર મહિનાઓના તીવ્ર દબાણ બાદ તેમના પ્રમુખને પકડી લેવામાં આવ્યા છે અને દેશની બહાર લઈ જવામાં આવ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાના કલાકો બાદ સોશિયલ મીડિયા પર આ અસાધારણ રાત્રિ ઓપરેશનની જાહેરાત કરી હતી.

આ હુમલાની કાનૂની સત્તા અને ટ્રમ્પે અગાઉથી સંસદની સલાહ લીધી હતી કે કેમ તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી. અમેરિકાની આ આશ્ચર્યજનક અને વીજળીક ગતિએ કરાયેલી સૈન્ય કાર્યવાહી છે જેણે એક દેશના સત્તાધારી નેતાને પદ પરથી હટાવ્યા છે. યુએસ એટર્ની જનરલ પામ બોન્ડીએ જણાવ્યું હતું કે ન્યૂયોર્કમાં આરોપનામું દાખલ થયા બાદ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસ સામે કેસ ચલાવવામાં આવશે. બોન્ડીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં વચન આપ્યું હતું કે આ દંપતી ટૂંક સમયમાં અમેરિકન ધરતી પર અમેરિકન અદાલતોમાં અમેરિકન ન્યાયના સંપૂર્ણ ક્રોધનો સામનો કરશે. માદુરો પર ૨૦૨૦માં નાર્કો-ટેરરિઝમ કાવતરાના આરોપો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો, પરંતુ તેમની પત્ની પર પણ આક્ષેપ છે તે અગાઉ જાણી શકાયું નહોતું. હુમલા પછી આ દંપતિની ધરપકડ કરવામાં આવી હતી. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે વેનેઝુએલામાં સત્તાનું સલામત હસ્તાંતરણ થઈ જાય ત્યાં સુધી તે દેશ અમે ચલાવીશું.

શનિવારે વહેલી સવારે, અનેક વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા અને નીચી ઊંચાઈએ ઉડતા વિમાનો વેનેઝુએલાની રાજધાની પર ફરી વળ્યા હતા. માદુરોની સરકારે

...અનુસંધાન પાના 7 પર

### ૩૬ વર્ષ પહેલા બરાબર આ જ દિવસે પનામા પર હુમલો કરાયો હતો

આ હુમલો ૧૯૯૦માં વધુ એક લેટિન અમેરિકન દેશ પાનામા પરના અમેરિકી આક્રમણની યાદ અપાવે છે જે તેના નેતા મેન્યુઅલ એન્ટોનિયો નોરિયેગાના શરણાગતિ અને ધરપકડ તરફ દોરી ગઇ હતી. બરાબર ૩૬ વર્ષ પહેલાં શનિવારે ૩ જાન્યુઆરીએ જ આ થયું હતુ. તે વખતે અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશ સિનિયર હતા.

### ટ્રમ્પ ઓપરેશન લાઇવ જોઇ રહ્યા હતા

આ ઓપરેશન અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ટીવી પર લાઇવ જોઇ રહ્યા હતા. ટ્રમ્પ અને તેમની ટીમના લોકો કારાકાસના રસ્તાઓ પર થતા વિરોધ પ્રદર્શનો અને લશ્કરની હિલચાલ પણ ટીવી પર જોઇ રહ્યા હતા.



પદભ્રષ્ટ માદુરો

## ૧૫૦ વિમાનોનો ઉપયોગ કરાયો

વેનેઝુએલા પર લશ્કરી કામગીરી કરીને તેના પ્રમુખને પકડી લેવામાં આવ્યા છે. આ કામગીરીમાં (ઓપરેશનમાં) ચોકસાઈપૂર્વકના હુમલા અને ઉચ્ચ જોખમ ધરાવતી એક્સ્ટ્રેક્શન (બહાર કાઢવાની પ્રક્રિયા) હાથ ધરવા માટે અત્યંત વિશિષ્ટ હેલિકોપ્ટરો અને વિમાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને એલાઈટ સૈન્ય ટુકડીઓને આ કામગીરીમાં શામેલ કરવામાં આવી હતી. આમ તો છેલ્લા કેટલાયે દિવસોથી અમેરિકાએ વેનેઝુએલાની આજુબાજુ લશ્કરી જમાવટ કરી હતી જેમાં તેણે પોતાના દસ યુદ્ધ જહાજો અને પરમાણુ ઉર્જા સંચાલિત સબમરીનની પણ તૈનાતી કરી હતી. છેવટે શનિવારે લશ્કરી કાર્યવાહી કરવામાં આવી. આ ઓપરેશનનું નેતૃત્વ 160મી સ્પેશિયલ ઓપરેશન્સ એવિએશન રેજિમેન્ટ (SOAR), જે નાઈટ સ્ટોકર્સ તરીકે ઓળખાય છે, અને ડેલ્ટા ફોર્સના ઓપરેટરો દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૫૦ જેટલા વિમાનોનો હુમલામાં ઉપયોગ કરાયો હતો.

...અનુસંધાન પાના 7 પર

### અમેરિકાએ જે શસ્ત્રોનો ઉપયોગ કર્યો તે ભારત પાસે પણ છે

**1. એએચ-64ઈ અપાચે (AH-64E Apache)**

ભારતીય વાયુસેનાએ પહેલાથી જ 22 અપાચે હેલિકોપ્ટર મેળવી લીધા હતા, જે પઠાનકોટ અને જોરહાટ જેવા બેઝ પર તૈનાત છે. ભારતીય સેનાએ 6 અપાચેનો ઓર્ડર આપ્યો હતો. તેનો છેલ્લો જથ્થો ડિસેમ્બર 2025 માં ભારત પહોંચી ગયો છે. તેને "ટેન્ક કિલર" કહેવામાં આવે છે. તે રાત્રિના અંધકાર અને ખરાબ હવામાનમાં પણ દુશ્મનની ટેન્કો અને બંકરોને ચોકસાઈથી નષ્ટ કરી શકે છે.

**2. સીએચ-47એફ ચિનૂક (CH-47F Chinook)**

ભારત પાસે કુલ 15 ચિનૂક હેલિકોપ્ટર છે. આ એક "હેવી-લિફ્ટ" હેલિકોપ્ટર છે. તેનો ઉપયોગ ભારે તોપો (જેમ કે M777 હોવિત્ઝર), સૈન્ય વાહનો અને સૈનિકોને હિમાલયની દુર્ગમ પહાડીઓ સુધી પહોંચાડવા માટે કરવામાં આવે છે. તેના બે રોટર્સ (પાંખિયા) તેને ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ ભારે વજન સાથે સ્થિર રહેવામાં મદદ કરે છે.

...અનુસંધાન પાના 7 પર

## માદુરો અને તેમની પત્નીને ઘસડીને બહાર કઢાયા

**પકડાયેલા** માદુરોનો ફોટો ટ્રમ્પે શેર કર્યો



અમેરિકાના ડેલ્ટા ફોર્સના સૈનિકોએ પ્રમુખ નિકોલસ માદુરોને પકડ્યા હતા. પ્રમુખ આવાસના બેડરૂમમાંથી માદુરો અને તેમના પત્ની સિલ્વીયા ફ્લોરેસને ઘસડીને બહાર કાઢવામાં આવ્યા હતા. માદુરો અને તેમની પત્નીને રાતોરાત મિલિટરી બેઝ પરના તેમના ઘરેથી પકડી લેવામાં આવ્યા હતા અને તેઓ અમેરિકી યુદ્ધ જહાજ દ્વારા ન્યૂયોર્ક જઈ રહ્યા હતા, જ્યાં તેઓ ગુનાહિત આરોપોનો સામનો કરશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે ફોક્સ ન્યૂઝ પર જણાવ્યું હતું કે, અમેરિકા હવે વેનેઝુએલા માટેના આગામી પગલાંનું મૂલ્યાંકન કરી રહ્યું છે. ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશ્યલ મીડિયા પર એક ફોટો પણ શેર કર્યો હતો જેમાં માદુરોની આંખે પાટો બાંધવામાં આવ્યો હોય અને તેઓ ટ્રેક સૂટમાં હોય તે જોઇ શકાય છે. તસવીરમાં તેમના હાથે હાથકડી બાંધેલી અને એક હાથમાં પાણીની બોટલ અને કાનમાં હેડફોન લગાડેલા જોઇ શકાય છે.

### માદુરો, તેમના પત્નીને યુદ્ધ જહાજમાં ન્યૂયોર્ક લવાયા

**ઓપરેશનમાં** થોડા અમેરિકી સૈનિકોને ઇજા થઇ છે

**ન્યૂયોર્ક, 3 જાન્યુઆરી (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમના પત્ની યુએસ યુદ્ધ જહાજ 'ઈવો જીમા' પર સવાર છે અને ન્યૂયોર્ક જઈ રહ્યા છે, જ્યાં તેઓ કેસનો સામનો કરશે. અમેરિકાએ શનિવારે વહેલી સવારે વેનેઝુએલા પર આકસ્મિક સૈન્ય હુમલો કર્યો હતો, જેમાં પ્રમુખ માદુરો અને તેમના પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને દેશની બહાર લઈ જવામાં આવ્યા હતા. અમેરિકન અધિકારીઓનું કહેવું

...અનુસંધાન પાના 7 પર

## કોણ છે આ 'ડેલ્ટા ફોર્સ' જેણે 30 મિનિટમાં માદુરોનું સામ્રાજ્ય ઉખેડી નાખ્યું?



1977માં સ્થપાયેલ અને ફોર્ટ બ્રેગ, ઉત્તર કેરોલિનામાં મથક ધરાવતું અમેરિકાનું ડેલ્ટા ફોર્સ વિશ્વના સૌથી ચુનંદા અને ગુપ્ત લશ્કરી એકમોમાંનું એક છે. તે યુએસ આર્મી સ્પેશિયલ ઓપરેશન કમાન્ડ હેઠળ કાર્ય કરે છે અને જોઈન્ટ સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડ (JSOC) ને જવાબદાર છે. તેને 1st સ્પેશિયલ ફોર્સિસ ઓપરેશનલ ડિટેચમેન્ટ-ડેલ્ટા (1st SFOD-D) તરીકે પણ ઓળખવામાં આવે છે.

તેનું માળખું બ્રિટિશ SAS (22મી સ્પેશિયલ એર સર્વિસ રેજિમેન્ટ) પર આધારિત છે, જેણે ડેલ્ટાના સ્થાપક કર્નલ ચાર્લ્સ બેકવિથને પ્રેરણા આપી હતી. તેના કામની ગંભીરતા અને અત્યંત ગુપ્તતાને ધ્યાનમાં લેતા, તે આર્મી કમ્પાર્ટમેન્ટેડ એલિમેન્ટ્સ (ACE), કોમ્બેટ એપ્લિકેશન્સ ગ્રુપ (CAG) અથવા ડેલ્ટા જેવા વિવિધ નામોનો ઉપયોગ કરતું હોવાની અટકળો છે.

આ યુનિટ ઉચ્ચ જોખમ ધરાવતા અને ઉચ્ચ મૂલ્ય ધરાવતા મિશનમાં નિષ્ણાત છે. તેનું મુખ્ય

...અનુસંધાન પાના 7 પર

## ઉત્તર ભારત ઠૂંઠવાયું: ગાઢ ધુમ્મસ

**દિલ્હીમાં** 'યેલો એલર્ટ': 4 જાન્યુઆરીથી શીત લહેરની આગાહી, ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટી

નવી દિલ્હી, તા. ૩ (પીટીઆઈ): શનિવારે ઉત્તરી રાજ્યોમાં ભારે ઠંડીનો માહોલ રહ્યો હતો, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં પારો શૂન્ય બિંદુથી નીચે ગયો, જ્યારે મેદાની વિસ્તારોમાં ઠંડીનું વાતાવરણ રહ્યું, સાથેસાથે વહેલી સવારના સમયે ગાઢ ધુમ્મસ પણ રહ્યું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૪ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં અલગ-અલગ સ્થળોએ શીત લહેરની સંભાવના છે, રવિવારે શહેરમાં ગાઢ ધુમ્મસ માટે યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જ્યારે લઘુત્તમ તાપમાન મોસમી સરેરાશ કરતાં ૪.૫થી ૬.૫ ડિગ્રી નીચે જાય છે ત્યારે શીત લહેર જાહેર કરવામાં આવે છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમી સરેરાશ કરતાં ૧.૨ ડિગ્રી વધારે હતું, જ્યારે મહત્તમ તાપમાન ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૨ ડિગ્રી ઓછું હતું. આયનગર સ્ટેશન પર સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 6.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લોધી રોડ પર સૌથી વધુ મહત્તમ તાપમાન 17.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આઈએમડીએ જણાવ્યું હતું કે, સવારના સમયે ગાઢ ધુમ્મસના કારણે દશ્યતા ઓછી રહી હતી, જ્યારે સફદરજંગમાં સવારે 9

...અનુસંધાન પાના 7 પર

તા. 03-01-૨૦૨૫નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૮° સે. | ૧૬.૦° સે. | ૬૪% |

### પોષ પૂર્ણિમા સાથે માઘ મેળા અને કલ્પવાસનો શુભારંભ

## ઠરઠરતી ઠંડીમાં આસ્થાની ડૂબકી



**પોષ** પૂર્ણિમાએ 9 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમ સ્નાન કર્યું

પ્રયાગરાજ, તા. 3 (પીટીઆઈ): શનિવારે અહીં માઘ મેળાની શરૂઆત સાથે જ 'પોષ પૂર્ણિમા' પર વૃદ્ધો અને બાળકો સહિત વિવિધ ક્ષેત્રના લાખો શ્રદ્ધાળુઓએ સંગમના બર્ફીલા ઠંડા પાણીમાં ડૂબકી લગાવી હતી. મહિના સુધી ચાલનારા 'કલ્પવાસ', જે લોકોને તેમના પાપોથી મુક્ત કરે છે, તેની શરૂઆત પણ 'પોષ પૂર્ણિમા'થી થઈ હતી. 'કલ્પવાસ' દરમિયાન શ્રદ્ધાળુઓ દરરોજ બે વાર ગંગામાં સ્નાન કરે છે અને દિવસમાં એક વાર ભોજન કરે છે, બાકીનો સમય તેમના પસંદ કરેલા દેવતાનું ધ્યાન અને પૂજા કરવામાં વિતાવે છે. માઘ મેળાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે 10 વાગ્યા સુધી લગભગ 9 લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી હતી. હિન્દીમાં એક્સ પર એક પોસ્ટમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું,

...અનુસંધાન પાના 7 પર